# વડા પ્રધાન મોદી ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે મેટ્રોમાં બેસીને અક્ષરધામ મંદિર ગયા




**ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલા ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન માલ્કમ ટર્નબુલ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસમી એપ્રિલ સોમવારે દિલ્હીમાં મેટ્રો ટ્રેનનો પ્રવાસ કર્યો હતો અને અક્ષરધામ મંદિર પહોંચ્યા હતા. માલ્કમ ટર્નબુલે મોદી સાથે સેલ્ફી પણ લીધી હતી. આ પછી બન્ને નેતાઓએ અક્ષરધામ મંદિરમાં દર્શન કર્યાં હતાં અને નીલકંઠવર્ણી અભિષેક મંડપમાં પધારી નીલકંઠવર્ણી પર અભિષેક કર્યો હતો.** *(ફોટોસૌજન્યઃ www.pmindia.gov.in)*

**નવી દિલ્હીઃ** ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલા ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન માલ્કમ ટર્નબુલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષી મંત્રણા કરી હતી. આ પછી બન્ને નેતાઓએ સંયુક્ત નિવેદન જારી કર્યું હતું, જેમાં બન્ને દેશો વચ્ચે આતંકવાદનો સામનો કરવા સહિતના છ મહત્ત્વપૂર્ણ કરાર થયા હતા. ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમનો વિશાળ જથ્થો આપવા સંમત થયું હતું. વિશ્વના યુરેનિયમના કુલ જથ્થાનો ૪૦ ટકા હિસ્સો ઓસ્ટ્રેલિયા પાસે છે અને વર્ષે સાત હજાર ટન યુરેનિયમની નિકાસ કરે છે. મોદીએ બે દેશોના સંબંધોમાં ક્રિકેટની ભૂમિકા મહત્ત્વની ગણાવી સચીન, બ્રેડમેન, કોહલી અને સ્મિથનો ઉલ્લેખ કર્યો હતો. માલ્કમે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના પાંચ લાખ નાગરિકો છે અને ઓસ્ટ્રેલિયાના વિકાસમાં તેમનો મહત્ત્વનો ફાળો છે.

બન્ને નેતાઓએ પાટનગરમાં મેટ્રો ટ્રેનના પ્રવાસ પછી અક્ષરધામ મંદિર પરિસરમાં એક કલાક પસાર કર્યો હતો અને ભગવાન નીલકંઠવર્ણીનાં દર્શન કર્યાં હતાં. મંદિર પરિસરમાં સંતોએ તેમને પુષ્પહાર પહેરાવી સત્કાર્યા હતા. *(ગુજરાત ટાઈમ્સ સંકલન)*